| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૭/૦૪/૨૦૨૩  શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૫૮૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૫૮૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### લુંટની ફરીયાદઃ-   સમાચાર યાદી નં.૫૮૨/૨૦૨૩

**મણીનગરઃ** વિશાખાબહેન વા/ઓ લલીતભાઇ વ્યાસ (ઉ.વ.૪૮)(રહે.અનુભુતી બંગ્લોઝ સુંદરવન વૈભવલક્ષ્મી મંદિર સામે ગોરધનવાડી ટેકરા મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૪/૨૦૨૩ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે અજાણ્યો પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ વિશાખાબહેનના ઘરે આવી બેલ વગાડી ઘરમાં ઘુસી જઇ, ગડદા પાટુનો માર મારી, વિશાખાબહેનના ગળામાં પહેરેલ સોનાની પેન્ડલ સહિતની ચેઇન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૮૩/૨૦૨૩**

**નરોડાઃ** કૃષ્ણા રામદાસ જંજાળ (ઉ.વ.૩૩)(રહે.શ્રી બાલાજી એંકલેવ શ્રીરામ વાટીકા સામે હરીદર્શન ક્રોસ રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૪/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૦૬/૦૪/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન કૃષ્ણા જંજાળ નાઓના નરોડા સ્મશાન ચાર રસ્તા નજીક આવેલ અમરાનાથ એસ્ટેટ, શેડ નંબર:૨૦/૨ “સનાયા એન્ટરપ્રાઈઝ” નામના ઈલેકટ્રીક વાયર બનાવવાના કારખાના ના શટરના તાળા અને નકુચાઓ તોડી, અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી, કારખાનામાંથી અલગ-અલગ ઈલેકટ્રીક વાયરોના બંડલો અને રોકડ રૂપિયા ૧૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જેઠાભાઇ બેચરભાઇ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ** **સમાચાર યાદી નં.૫૮૪/૨૦૨૩**

**નારણપુરાઃ** દિવ્યાબહેન વા/ઓ જગદીશચંન્દ્ર જાની (ઉ.વ.૮૦)(રહે.માદ્રી એપાર્ટમેન્ટ, જીવન સંધ્યા ઘરડાઘર સામે નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૪/૨૦૨૩ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે નારણપુરા ૧૩૨ ફુટ રીંગ રોડ ઉપર બ્રાઈટ ઈંગ્લીશ-ગુજરાતી મિડીયમ સ્કુલ પાસે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) એ દિવ્યાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.જાડેજા ચલાવે છે.

**ચોરીઃ** **સમાચાર યાદી નં.૫૮૫/૨૦૨૩**

**નવરંગપુરાઃ** લીલાબહેન વા/ઓ પુરષોત્તમભાઇ ગોરીયા (ઉ.વ.૬૬)(રહે.વાલ્મીકીવાસ લાલ બંગ્લા પાછળ રબારી વાસની બાજુમાં સી.જી.રોડ નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૪/૨૦૨૩ સવારના ૯/૩૦ થી ૧૦/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે સરદારજીના પહેરવેશમાં આવેલ બે અજાણ્યા પુરૂષ પોતાના ઘરે તીજોરીનું તાળુ રીપેરીંગ કરવાના બહાને ઘરમાં પ્રવેશ કરી, લીલાબહેનની નજર ચુકવી, તીજોરીનું લોકર ડુપ્લીકેટ ચાવીથી ખોલી લોકરમાંથી સોનાની મગમાળા કિંમત રૂપિયા ૯૪,૦૦૦/-, સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૯,૩૦૦/-, સોનાનુ પેંડલ કિંમત રૂપિયા ૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૨૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૯,૫૦૦/- મતાની ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૮૬/૨૦૨૩**

**ગોમતીપુરઃ** રાજેન્દ્રભાઇ ભુલાભાઇ રાણા (ઉ.વ.૫૦)(રહે.રામીની ચાલી ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૪/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતા સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૪/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગે રાજેન્દ્રભાઇ રાણાનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ડોડિયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી